VOICE OF VAODARA WEEKLY NEWSPAPER

RNI No. : GUJGUJ/2018/77001

વડોદરા થી દર મંગળવારે પ્રસિદ્ધ થતું અખબાર

# વોઈસ ઓફ વડોદરા

પ્રજાના પ્રશ્નોને વાંચા આપતું અગ્રીમ સાપ્તાહિક

EDITOR, OWNER, PUBLISHER AND PRINTER : GHADHIYALI MUMTAZ NISHAR MAHENDI

VOICE OF VADODARA

•તંત્રીઃ ઘડિયાળી મુમતાઝ નિસાર મહેંદી • વર્ષ - ૦૭ • અંક નં.૧૧ • તારીખઃ ૨૫-૦૨-૨૦૨૫, મંગળવાર • મો. ૯૨૭૪૫૯૭૩૩૪ • કિંમતઃ ૧.૦૦ પાના -૪ • વાર્ષિક લવાજમ રૂા.૧૦૦


રજી. ઓફિસ એ-૧૫ રાજીવ આવાસ, જે.પી. પોલીસ સ્ટેશન, તાંદલજા, વડોદરા-૩૯૦૦૧૨, ગુજરાત

ન્યાયક્ષેત્ર વડોદરા કોર્ટને આધીન

EDITOR, OWNER, PUBLISHER AND PRINTER : GHADHIYALI MUMTAZ NISAR MAHENDI ■ YEAR : 07 ■ ISSUE : 11 ■ PAGE : 04 ■ PRICE RS.1.00 ■ DATE : 25-02-2025 TUESDAY ■ M. 9274597334 ■ WWW.VOVNEWS.IN

REGISTERED OFFICE : A-15 RAJIV AAVAS, NEAR J.P. POLICE STATION, TANDALJA VADODARA, 390012 (GUJARAT), VOICEOFVADODARA786@GMAIL.COM


# અમેરિકામાં ટ્રમ્પે USAIDના 2000 કર્મચારીઓને કાઢી મૂક્યા



અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની સરકારે યુએસ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ (USAID) ના 2000 કર્મચારીઓને નોકરીથી કાઢી મૂકવા અને અન્ય હજારોને રજા પર મોકલી દેવાની નોટિફિકેશન જાહેર કરીને ખળભળાટ મચાવી દીધો છે. એક અહેવાલ અનુસાર આ પગલું એક સંઘીય ન્યાયાધીશ દ્વારા શુક્રવારે તંત્રને USAIDના કર્મચારીઓને કામથી હટાવવાની મંજૂરી અપાયા બાદ ભરવામાં આવ્યું છે. યુએસ ડિસ્ટ્રિક્ટ જજ કાર્લ નિકોલ્સને કર્મચારીઓ દ્વારા સરકારના પ્લાન પર અસ્થાયી રોક લગાવવાની અપીલ ફગાવી દીધી હતી. USAID ના કર્મચારીઓને મોકલવામાં આવેલી નોટિફિકેશનમાં જણાવાયું છે કે 23 ફેબ્રુઆરીની રાતે 11:59 વાગ્યાથી USAID ના તમામ પ્રત્યક્ષ નિમણૂક પામેલા કર્મચારીઓને વહીવટી રજાઓ પર મોકલવામાં આવી રહ્યા છે. ફક્ત એ કર્મચારીઓ જે મિશન આધાશ્રિત જરૂરી કામકાજ, મુખ્ય નેતૃત્વકાર અને વિશેષ નોમિનેટ છે એ કર્મચારીઓએ જ કામગીરી પર આવવાનું ચાલુ રાખવાનું રહેશે.

## આર્થિક મદદ કરીએ છતાં ભારત અમેરિકાનો ફાયદો ઉઠાવે છે : ટ્રમ્પ

વોશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એક વખત ભારતને અમેરિકા તરફથી મળતા ફંડને લઈને મોટુ નિવેદન આપ્યું છે. સતત ચોથા દિવસે ટ્રમ્પે આ મુદ્દો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે અમેરિકાની અગાઉની સરકારે ભારતને ચૂંટણીમાં મતદાન વધારવા માટે ૧૮ મિલિયન ડોલરની સહાય કરી, જ્યારે હકીકતમાં ભારતને આ ફંડની કોઈ જ જરૂર નથી. સાથે જ ટ્રમ્પે ભારત પર અન્ય એક મોટો આરોપ લગાવતા કહ્યું હતું કે ભારત અમેરિકાનો ફાયદો ઉઠાવી રહ્યું છે અને વૈશ્વિક સ્તરે સૌથી વધુ ટેરિફ નાખે છે. કન્ઝર્વેટિવ પોલિટિકલ એક્શન કોન્ફરંસ (સીપેક)ને સંબોધતા ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાની જ એજન્સી યુનાઈટેડ સ્ટેટ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ (યુએસએઈડ)ની ભારતને આર્થિક મદદ કરવા બદલ ટિકા કરી હતી. તેમણે કહ્યું હતુ કે ભારતને ચૂંટણીમાં મદદરૂપ થવા માટે અમેરિકા તરફથી ૧૮ મિલિયન ડોલરની સહાય? શા માટે? આપણે જુના પેપર બેલોટ તરફ કેમ ના જઈ શકીએ અને પછી તેમને આપણી ચૂંટણીમાં મદદ કરવા દો. ભારત અમેરિકી વસ્તુઓ પર ટેરિફ નાખવામાં સૌથી ટોચના સ્થાને છે.

## એસિડિટી, કોલેસ્ટ્રોલ, ડાયાબિટિસ અને ગેસ માટે વપરાતી 84 દવાઓ પરીક્ષણમાં નિષ્ફળ



સમગ્ર દેશમાં ડ્રગ્સ કન્ટ્રોલર અધિકારીઓ દ્વારા દવાઓનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું. જેના રિપોર્ટ ચોંકાવનારા આવ્યા છે. સ્ટેરોઈડ અને કોલેસ્ટ્રોલ ઘટાડવાની દવાઓ સહિત લગભગ 84 દવાઓની ગુણવત્તા નિર્ધારિત માપદંડથી ઓછી હતી. દવાઓની ટેસ્ટિંગ કરનારી એજન્સી સીડીએસસીઓ(સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કન્ટ્રોલ ઓર્ગેનાઈઝેશન)એ આ અંગે એલર્ટ જારી કરી છે. સીડીએસસીઓ દર મહિને બજારમાં વેચવામાં આવતી ઓછી ગુણવત્તાવાળી દવાઓ અંગે એલર્ટ જારી કરે છે. ૨૦૨૪ના પોતાના નવા આંકડાઓ અનુસાર તેમણે વિવિધ કંપનીઓ દ્વારા નિર્મિત દવાઓની ૮૪ બેન્ચોમાં ઓછી ગુણવત્તા જોવા મળી હતી. જેમાં એસિડિટી, હાઈ કોલેસ્ટ્રોલ, ડાયાબિટીસ અને ઈન્ફેકશન જેવી સામાન્ય સ્થિતિઓ માટે કેટલીક દવાઓ સામેલ છે. એનએસક્યુના સ્વરૂપમાં દવાના નમૂનાઓની ઓળખ એક અથવા બીજા નિર્દિષ્ટ ગુણવત્તા માપદંડોમાં દવાના નમૂનાઓની નિષ્ફળતાને આધારે કરવામાં આવે છે.

## દિલ્હીમાં હાર્યા પછી કેજરીવાલ પંજાબના મુખ્યમંત્રી બનવા માંગે છે

અમૃતસરઃ આમ આદમી પાર્ટી દિલ્હીની ચૂંટણીમાં માથાભેર પટકાઈ છે. ૪૦ બેઠકો ઘટી ગઈ એટલે પાર્ટી ૬૨માંથી ૨૨ બેઠકોમાં સમેટાઈ ગઈ. દિલ્હીમાં કેજરીવાલને લાગતું હતું કે આમ આદમી પાર્ટીને કોઈ હરાવી શકે તેમ નથી. સીધો પડકાર ફેંકીને કેજરીવાલ એવા બાલીશ નિવેદનોય આપતા હતાઃ 'નરેન્દ્ર મોદી આ જનમમાં તો મને હરાવી શકે તેમ નથી.' રાજકારણમાં ગમે તેવા અજેય નેતા પણ હારી શકે છે, એ જોતાં કેજરીવાલના આ નિવેદનમાં ભારોભાર અહંકાર હતો. આખરે દિલ્હીમાં ઘોર પરાજય થયો એટલે કેજરીવાલે પંજાબ બચાવવા માટે મથામણ શરૂ કરી છે.

દિલ્હીની ચૂંટણીમાં પરાજય થયો પછી તમામ ધારાસભ્યોને દિલ્હી બોલાવાયા હતા. ભગવંત માનની આગેવાનીમાં પંજાબથી ૮૮ ધારાસભ્યો કેજરીવાલને મળવા આવ્યા હતા. આ બેઠક માત્ર ૩૦ મિનિટથી પણ ઓછો સમય ચાલી. એમાં કેજરીવાલ માત્ર બે મિનિટ જ બોલ્યા. તેમણે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન, મિનિસ્ટર્સ અને ધારાસભ્યોને સંબોધીને સલાહ આપી કે લોકો સાથે કનેક્ટ થાઓ. લોકોની સમસ્યાઓનું નિરાકરણ લાવો. મુદ્દાઓ ઓળખો.

કેજરીવાલની આ વાત પર આપના જ નેતાઓ બહાર નીકળીને ટીખળ કરતા હતા કે જે સલાહો પંજાબ માટે આપી એ સલાહનું દિલ્હીમાં પાલન કર્યું હોત તો દિલ્હીમાં પણ ફરીથી આમ આદમી પાર્ટીની સરકાર બની હોત.

અરવિંદ કેજરીવાલે ધારાસભ્યોને કહ્યું કે આપણી પાસે પંજાબની સત્તા છે. પંજાબમાં આપણે એવું કામ કરીને દેખાડીશું કે આખો દેશ જોતો રહી જશે. ટૂંકમાં, દિલ્હી મોડલ નિષ્ફળ જતાં કેજરીવાલ પંજાબ મોડલ બનાવવા માગે છે. એના ભાગરૂપે જ કેજરીવાલ ખુદ એ મોડલ બનાવવા માટે સીએમ પણ બની જશે. ભગવંત માને મીટિંગમાંથી બહાર નીકળીને તો ભલે એમ કહ્યું કે પંજાબ અંગે ભાજપ અને કોંગ્રેસ ખોટી અફવા ફેલાવે છે, પરંતુ જ્યારે એમ પૂછવામાં આવ્યું કે શું તમને હટાવીને કેજરીવાલ સીએમ બની જશે ત્યારે તેમનો ચહેરો શબ્દો સાથે મેચ થતો ન હતો. એમના ચહેરાનો રંગ ઉતરી ગયો. તેમણે વાતનો રદિયો આપ્યો, પરંતુ અંદરખાને કંઈક જુદું રંધાઈ રહ્યું છે.

## મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે નવી દિલ્હી ખાતે દિલ્હીના નવનિયુક્ત મુખ્યમંત્રી શ્રીમતી રેખા ગુપ્તાની શુભેચ્છા મુલાકાત લીધી



મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે આજે નવી દિલ્હી ખાતે દિલ્હીના નવનિયુક્ત મુખ્યમંત્રી શ્રીમતી રેખા ગુપ્તાની શુભેચ્છા મુલાકાત લઈને દિલ્હીના મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળમાં દિલ્હી વિકાસના નવા શિખરો સર કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

## સાવલી તાલુકાના મોક્સી ગામે ડ્રગ્સ ફેક્ટરીમાંથી ૩.૩૭ કરોડ કિંમતનું MD ડ્રગ્સ જપ્ત કરાયું

### મોક્સી અને ગોરવાના બે શખ્સની ધરપકડ : અન્ય ત્રણ ફરાર થઇ ગયા

વડોદરા, તા.23 વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના મોક્સી ગામની સીમમાં એક ખેતરમાં બનાવેલા શેડમાં ગઈ રાત્રે ઝડપાયેલી એમડી ડ્રગ્સ બનાવવાની ફેક્ટરીની તપાસ આજે સાંજ સુધી ચાલુ રહ્યા બાદ આખરે પોલીસે ફરિયાદ દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે રૂા.૩.૩૭ કરોડનું એમડી ડ્રગ્સ સહિત કુલ રૂા.૩.૪૦ કરોડનો મુદ્દામાલ કબજે કરી બે શખ્સોની ધરપકડ કરી છે જ્યારે અન્ય ત્રણને ફરાર જાહેર કરી શોધખોળ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે મોક્સી ગામની સીમમાં એક ખેતરમાં બનાવવામાં આવેલી શેડમાં સિન્થેટિક ડ્રગ્સનું ઉત્પાદન થાય છે તેવી બાતમીના આધારે જિલ્લા એસઓજીના પીઆઈ જે.એમ. ચાવડા તેમજ સ્ટાફના માણસોએ ગઈ રાત્રે દરોડો પાડયો હતો. જેના પગલે એમડી ડ્રગ્સનું ઉત્પાદન કરતી મિની ફેક્ટરીમાં દોડધામ મચી ગઈ હતી. જો કે પોલીસે જગદીશ જીતસિંહ મહિડા (રહે.મોક્સી, તા.સાવલી) અને પ્રેમચંદકુમાર હરિનારાયણ મહંતો (રહે.પંચવટી, ગોરવા, વડોદરા)ને ઝડપી પાડયા હતાં. પોલીસે શેડમાં બનાવેલી ફેક્ટરીમાં તપાસ કરતાં રૂા.૩.૩૭ કરોડ કિંમતનું ૩ કિલો ૩૭૯ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો મળ્યો હતો. આ ઉપરાંત એમડી ડ્રગ્સ બનાવવા માટેનું રો મટિરિયલ અને સાધન સામગ્રી મળી કુલ રૂા.૩.૪૦ કરોડનો મુદ્દામાલ મળતા કબજે કરવામાં આવ્યો હતો. પોલીસ તપાસ દરમિયાન ત્રણ શખ્સો ચિરાગ ગિરીશ પટેલ (રહે.વડોદરા), વિપુલસિંગ (રહે. બિહાર) અને વિપુલસિંગ સાથેનો એક શખ્સ મળી કુલ ત્રણ શખ્સોને ફરાર જાહેર કરાયા હતાં.

## RNI માન્ય તંત્રીઓ દ્વારા વડોદરા સાંસદને MSMEના નામે કહેવાતું પત્રકારત્વ કરી સમાજમાં અરાજકતા ફેલાવતા ઈસમો વિરુદ્ધ કાર્યવાહી કરવા રજૂઆત





વડોદરાના RNI (રજીસ્ટર ન્યૂઝ પેપર ફોર ઈન્ડિયા) માન્ય તંત્રીશ્રીઓ દ્વારા વડોદરાના સાંસદ ડો. હેમાંગ જોશીને આવેદનપત્ર આપીને રજૂઆત કરવામાં આવી હતી કે પાછલા ઘણા સમયથી વડોદરા શહેર જિલ્લા સહિત સમગ્ર જગ્યાએ એમએસએમઈના સર્ટિફિકેટ કઢાવી બની બેઠેલા કહેવાતા તંત્રીઓ અને ઈસમો વિરુદ્ધ યોગ્ય અને ન્યાયિક તપાસ કરી સમાજમાં અરાજકતા ફેલાવી લોકોને જાણે અજાણે ગેરમાર્ગે દોરી પત્રકારોને લાંછન લાગે તેવા કૃત્યો કરી સાચા અને પ્રમાણિત તંત્રીઓ અને પત્રકારોની લાગણી દુભાય તેવી પ્રવૃતિઓ બે-રોકટોક વગર થઈ રહી છે જે સમાજ માટે ઘણું જ હાનિકારક અને બજારમાં પત્રકારત્વની છબી સાવ નિમ્ન કક્ષાએ પહોંચી જવા પામી છે.





પ્રિન્ટ મીડિયામાં ન્યૂઝ પેપર કે ન્યુઝ ચેનલ શરૂ કરવા માટે જરૂરી દસ્તાવેજો આપી કલેક્ટરશ્રી તરફથી એડ્રેસ અને પોલીસ વેરિફિકેશન કરાવી જરૂરી પ્રોસેસ કરવી પડે છે પરંતુ પાછલા ઘણા સમયથી ફક્ત ઈમેલ આઈડીના આધારે બીજી જરૂરી કોઈ જ કાર્યવાહી ના કરીને જાતે જ મન ફાવે તે નામ રાખી MSME સર્ટિફિકેટ કઢાવી પત્રકારત્વ કરતા લોકોનો ઉત્તરોત્તર ગંભીરપણે વધારો થઈ રહ્યો છે જેઓ કોઈ પણ પ્રકારના નિયમો અનુસરતા નથી. એમ.એસ.એમી.ઈ નું ખોટું અર્થઘટન કરી જાણે અજાણે પત્રકારત્વ જેવી સેવાકીય અને જવાબદાર વ્યવસાયને યોગ્યતા ના ધરાવતા બિન અનુભવી લોકો દ્વારા લાંછન લાગે તેવા કૃત્યો પણ અસામાજિક તત્વો દ્વારા કરવામાં આવી રહ્યા છે જે અસામાજિક પ્રવૃત્તિઓને પણ વેગ આપે છે.

આ સંદર્ભમાં વડોદરાના આરએનઆઈ માન્ય તંત્રીશ્રીઓ દ્વારા તારીખ 1- 1- 2025ના રોજ વડોદરા કલેક્ટરશ્રી તેમજ વડોદરા પોલીસ કમિશનરશ્રીને પણ ખૂબ જ મોટી સંખ્યામાં ભેગા થઈ એક આવેદનપત્ર આપી આવા નિયમ વિરુદ્ધ જઈ જાતે જ બની બેઠેલા MSMEના નામે બનાવટી પત્રકારત્વ કરતા લોકોને અંકુશમાં લાવી યોગ્ય કાર્યવાહી કરવા રજૂઆત કરેલ હતી જેમાં તેઓ તરફથી પણ ઘણો સારો જ પ્રતિસાદ અમોને પ્રાપ્ત થઈ કાર્યવાહી કરવામાં આવી રહી છે. આરએનઆઈ માન્ય તંત્રીઓ દ્વારા સાંસદને માગણી કરવામાં આવી હતી કે તેમના દ્વારા પણ ઉચ્ચ અધિકારીઓ સાથે થતી સંકલન સમિતિમાં આ વિષય સંદભે સમીક્ષા કરી ઝડપથી કાર્યવાહી થાય તે દિશામાં યોગ્ય અને જરૂરી સલાહ સૂચનો કરી યોગ્ય તપાસ કરાવશો તેમજ "મિનિસ્ટ્રી ઓફ ઈન્ફોર્મેશન એન્ડ બ્રોડકાસ્ટિંગ" જે કેન્દ્ર સરકારમાં આવે છે તેમાં સાંસદ દ્વારા પત્ર લખી યોગ્ય દિશા સૂચન મંગાવી તેની સ્પષ્ટ ગાઈડલાઈન પ્રસિદ્ધ થાય તે દિશામાં કાર્યવાહી કરવામાં આવે તેવી આશા અને અપેક્ષા રાખીએ છે.

આજ રોજ આપેલ આવેદનમાં ઉપરોક્ત બાબતો સ્વીકારી ઘટતું કરવા રજુઆત કરવામાં આવી હતી જો આમ નહીં કરવામાં આવે તો આવનારા દિવસોમાં વડોદરાના તમામ રજીસ્ટર તંત્રીશ્રીઓ અને માલિકો દ્વારા ઉગ્ર આંદોલન કરી કોર્ટ રાહે કાયદેસરની કાર્યવાહી કરવાની ફરજ પડશે તેવી ચીમકી પણ ઉચ્ચારી હતી. આ ઉપરાંત નવનિયુક્ત વડોદરા કલેકટરશ્રીને પણ પત્રકારોએ શુભેચ્છા મુલાકાત કરી અગાઉ આપેલ આવેદનપત્ર વિશે ધ્યાન દોર્યું હતું.

## મહીમાંથી 10 કરોડ લિટર પાણી મેળવાશે, સમા સહિતના 7 લાખ લોકોને પ્રેશરથી પાણી મળશે

### આજવા સરોવરમાં પોન્ટુન તરતા મૂકી રોજનું 15 કરોડ લિટર પાણી ઉલેચાશે

શહેરનો વધતો વિસ્તાર-વસ્તીને પાણી પહોંચાડવા રામેશરા કેનાલથી પાણી લેવાના આયોજન બાદ હવે મહીમાંથી અનગઢમાં નવો સ્ત્રોત ઊભો કરવાનું નક્કી કરાયું છે. જેમાં અનગઢમાં નવો ઈન્ટેક વેલ, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને ફીડર લાઈન નાખવાનું કામ આયોજન હેઠળ લેવાયું છે. જેમાં ઉત્તર ઝોનના સમા, હરણી, ફતેગંજ, છાણી સહિતના વિસ્તારના 7 લાખ લોકોને પ્રેશરથી પાણી મળશે.

પૂર્વ વિસ્તારમાં પાણી ઓછા પ્રેશરથી મળતું હોવાની ફરિયાદ ઊઠી છે. જેને પહોંચી વળવા નિમેટામાં નવા 75 MLD, 50 MLDનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવાઈ રહ્યો છે. ઉનાળામાં પાણીની સમસ્યા વિકટ ન બને તે માટે પાલિકા આજવામાં 30 કરોડના ખર્ચે નવાં પોન્ટુન મૂકશે. જેનાથી સરોવરમાંથી રોજ 15 કરોડ લિટર પાણી ઉલેચાશે, જે આજવા, પાણીગેટ, નાલંદા, ગાજરાવાડી અને દક્ષિણ વિસ્તાર તરસાલી, મકરપુરા જીઆઈડીસી સહિતની ટાંકીઓને અપાશે. આ પોન્ટુન કાર્યરત થવાથી દૈનિક ગણતરી મુજબ એક મહિનામાં આજવાનું અંદાજિત 2 ફૂટ લેવલ ઘટશે. જેનાથી નર્મદા કેનાલમાંથી 120 ક્યૂસેક ફ્લો રેટથી પાણી મેળવવું પડશે. અનગઢ પાસેથી પસાર થતી મહીમાંથી 250 કરોડના ખર્ચે રોજનું 10 કરોડ લિટર પાણી લેવાશે. ચોમાસામાં પાણી ડહોળું આવતું હોવાથી અનગઢમાં ડબ્લ્યુટીપી બનાવાશે. ચાલુ વર્ષે આ કામ હાથ પર લેવાય તેવી શક્યતા છે. ઈન્ટેકવેલ અને ડબ્લ્યુટીપી સાથે શહેરની ટાંકીઓને લાઈનથી જોડવા અને અન્ય સ્ત્રોત સાથે ઈન્ટરલીન્કિંગ કરાશે. હાલમાં ખાનપુર કેનાલ, રાયકા, દોડકા, પોઈચા, ફાજલપુર અને આજવા સરોવરથી 55 કરોડ લિટર પાણી લેવાય છે. આ સ્ત્રોતથી વધુ 10 કરોડ લિટર પાણી મળશે. રાયકા-દોડકાથી વધુ પાણી મેળવવા 20 ટ્યૂબવેલ બનાવવાનું આયોજન કર્યું હતું.

**10 કરોડ લિટર પાણી કઈ કઈ ટાંકીને મળશે?**

સમા, હરણી, નોર્થ હરણી, છાણી, છાણી ટીપી 13, સયાજીબાગ• લાલબાગ, જેલ રોડ, ગોરવા, વડીવાડી, હરિનગર, તાંદલજા, ગોત્રી.



તંત્રી સ્થાનેથી ....

■ ઘડિયાળી મુમતાઝ

# માતૃભૂમિ અને માતૃભાષા બંનેનીનું જીવનમાં મહત્વ જરૂરી છે..!

આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ એ ભાષાકીય અને સાંસ્કૃતિક વૈવિધ્યની જાગૃતિ અને બહુભાષીયવાદને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે ૨૧ ફેબ્રુઆરીના રોજ વિશ્વભરમાં ઉજવવામાં આવે છે. માતૃભાષા દિવસ એ *વિશ્વના લોકો દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી તમામ ભાષાઓની જાળવણી અને સંરક્ષણને પ્રોત્સાહન આપવા* વ્યાપક પહેલનો એક ભાગ છે. બાળકને માતા તરફથી મળેલી ભાષા, પરિવારમાં બોલાતી ભાષા એટલે માતૃભાષા. જે ભાષામાં વિચારવાનું, લાગણીઓ અનુભવવાનું, તેમજ લાગણીઓ અને વિચારો પ્રદર્શિત કરવાનુ બાળક શીખ્યું તે ભાષા એટલે માતૃભાષા. આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસની ઉજવણી કરવાનો મૂળ વિચાર બાંગ્લાદેશની પહેલ હતો. ૨૧ ફેબ્રુઆરી એ બાંગ્લાદેશ (તે સમયે પૂર્વ પાકિસ્તાન)ના લોકોએ બાંગ્લા ભાષાને માન્યતા અપાવવા માટે આપેલી લડતની વર્ષગાંઠ છે. ૧૯૪૭માં જ્યારે પાકિસ્તાનની રચના થઈ ત્યારે ભૌગોલિક રીતે તેના બે અલગ અલગ ભાગ હતાઃ પૂર્વ પાકિસ્તાન (જે હાલમાં બાંગ્લાદેશ તરીકે ઓળખાય છે) અને પશ્ચિમ પાકિસ્તાન (જે હાલમાં પાકિસ્તાન તરીકે ઓળખાય છે). સંસ્કૃતિ અને ભાષાના અર્થમાં બંને ભાગો એકબીજાથી ખૂબ જ ભિન્ન હતા. બંગાળી અથવા બાંગ્લા ભાષા એ પૂર્વ પાકિસ્તાન અને પશ્ચિમ પાકિસ્તાનના બહુસંખ્યક લોકો દ્વારા બોલાતી ભાષા હતી. તેમ છતાં, ૧૯૪૮માં પાકિસ્તાનની તત્કાલીન સરકારે ઉર્દૂને પાકિસ્તાનની એકમાત્ર રાષ્ટ્રીય ભાષા જાહેર કરી હતી. પૂર્વ પાકિસ્તાનના લોકોએ આ જાહેરાતનો વિરોધ કર્યો, કારણ કે મોટાભાગની વસ્તી પૂર્વ પાકિસ્તાનની હતી અને તેમની માતૃભાષા બાંગ્લા હતી. તેમણે બાંગ્લા ભાષાને ઉર્દૂ ઉપરાંતની એક રાષ્ટ્રીય ભાષા બનાવવાની માગણી કરી હતી. આ માગણી સૌપ્રથમ પૂર્વ પાકિસ્તાનના ધીરેન્દ્રનાથ દત્તાએ ૨૩ ફેબ્રુઆરી, ૧૯૪૮ના રોજ પાકિસ્તાનની બંધારણ સભામાં ઉઠાવી હતી. આ વિરોધ પ્રદર્શનને તોડી પાડવા માટે પાકિસ્તાનની સરકારે જાહેર સભા અને રેલીઓને ગેરકાયદેસર ઠેરવી હતી. સામે પક્ષે ઢાકા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ સામાન્ય જનતાના સમર્થનથી જંગી રેલીઓ અને સભાઓનું આયોજન કર્યું હતું. ૨૧ ફેબ્રુઆરી ૧૯૫૨ના રોજ પોલીસે રેલીઓ પર ગોળીબાર કર્યો હતો. આ ગોળીબારમાં કેટલાય લોકો મૃત્યુ પામ્યા હતા, જ્યારે સેંકડો લોકો ઘાયલ થયા હતા. ઈતિહાસમાં આ એક દુર્લભ ઘટના હતી, જ્યારે લોકોએ તેમની માતૃભાષા માટે તેમના જીવનનું બલિદાન આપ્યું હતું.આજના દિવસે બાંગ્લાદેશીઓ માતૃભાષા માટે તેમના જીવનનું બલિદાન આપનારા શહીદોની યાદમાં બાંધવામાં આવેલા 'શહીદ મિનાર' સ્મારકની મુલાકાત લે છે અને શહીદોની પ્રતિકૃતિઓ સમક્ષ તેમના પ્રત્યેનું ઊંડું દુઃખ, આદર અને કૃતજ્ઞાતા વ્યક્ત કરે છે.

`ેંગ્દઈજીઝ્રના મતે વિશ્વમાં શાંતિ સ્થાપવા માટે સાંસ્કૃતિક તફાવતો અને ભાષાઓને જાળવવાનું કામ કરવું તેના દાયરામાં છે, જેથી વિવિધતા માટેની સહનશીલતા અને આદર ભાવનામાં વધારો થાય.આજે વધુને વધુ ભાષાઓ લુપ્ત થઈ જતાં ભાષાકીય વિવિધતા વધુ જોખમમાં આવી ગઈ છે. યુએનના અહેવાલ મુજબ, વૈશ્વિક સ્તરે ૪૦ ટકા વસ્તીને તેઓ બોલે છે અથવા સમજે છે એ ભાષામાં શિક્ષણની પહોંચ નથી. એટલે જ માતૃભાષા દિવસ થકી આ ભાષાઓને બચાવવાના પ્રયાસો કરવામાં આવે છે.

વર્લ્ડ લેન્ગવેજ ડેટાબેઝના ૨૨મા સંસ્કરણ ઈથોનોલોજ મુજબ વિશ્વભરની ૨૦ સૌથી બોલાતી ભાષાઓમાં છ ભારતીય ભાષાઓ છે, જેમાં હિન્દી ત્રીજા સ્થાન પર છે. વિશ્વભરમાં ૬૧.૫ કરોડ લોકો હિન્દી ભાષાનો ઉપયોગ કરે છે. હિન્દી પછી બંગાળી વિશ્વભરમાં બોલાતી ભાષાઓમાં સાતમા સ્થાને છે. માતૃભાષા દ્વારા જ સાંસ્કૃતિકનું સંવર્ધન અને જતન થાય છે.

# અમેરિકન ઈન્ડિયા ફાઉન્ડેશન અને L&Tના સહયોગથી ઋષિ વિશ્વામિત્ર પ્રાથમિક શાળા વડોદરા ખાતે જ્યોતિ પ્રોગ્રામ અંતર્ગત સ્ટેમ ફેસ્ટનું આયોજન કરાયું



અમેરિકન ઈન્ડિયા ફાઉન્ડેશન અને L&Tના સહયોગથી ઋષિ વિશ્વામિત્ર પ્રાથમિક શાળા વડોદરા ખાતે જ્યોતિ પ્રોગ્રામ અંતર્ગત સ્ટેમ ફેસ્ટ નું (innovarse 1.0) આયોજન કરવામા આવ્યું હતું.

તા.૨૧/૦૨/૨૦૨૫, શુક્રવાર ના રોજઅમેરિકન ઈન્ડિયા ફાઉન્ડેશન અને L&Tના સહયોગથી ઋષિ વિશ્વામિત્ર પ્રાથમિક શાળા વડોદરા ખાતે જ્યોતિ પ્રોગ્રામ અંતર્ગત સ્ટેમ ફેસ્ટ નું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી નીશિધ દેસાઈ, વાઈસ ચેરમેન શ્રી અંજનાબેન ઠક્કર, શાસનાધિકારી શ્રી શ્વેતા પારગી, હેડ કલાર્ક શ્રી રમેશભાઈ મુનીયા તથા L&T માંથી શ્રી. અજીત છાબરા,(હેડ ઓફ સીએસઆર અને એમ્પ્લોઈઝ સર્વિસ સેલ વડોદરા) અનિલ ગિડવાની (લોકલ CSR ઓફિસર ). અમેરિકન ઈન્ડિયા ફાઉન્ડેશન માંથી ઉપસ્થિત શ્રી સુમનદાસ ગુપ્તા(સીનીયર પ્રોગ્રામ મેનેજર) વગેરે એ હાજરી આપી હતી . આ પ્રોગ્રામ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ નું આયોજન કરવામાં આવ્યું હતું જેવી કે STEM challenge, science quiz, STEM Art, તથા science show નો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ૨૪ શાળા ના કુલ ૧૪૪ વિદ્યાર્થીઓ તથા ૨૪ શિક્ષકો એ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# વાડી જહાંગીરપુરા ખાતે શિફા ચેરીટેબલ ટ્રસ્ટ નિઃશુલ્ક નિદાન કેમ્પનું આયોજન



તારીખ 22 ફેબ્રુઆરી 2025 ના દિવસે વડોદરા શહેરમાં આવેલ વાડી જહાંગીરપુરા ખાતે શિફા ચેરીટેબલ ટ્રસ્ટ અને ઋષિ સેવાશ્રમ ક્લિનિક એન્ડ લેબોરેટરી ના સંયુક્ત પણે આંખની રોગોના નિદાન ડાયાબિટીસ ની તપાસ, અને ચશ્મા નું વિતરણ નિશુલ્ક કરવામાં આવ્યું. આ શુભ અવસરે ડોક્ટર રોશની ઋષિજન, ઋષિ શ્રેવાશ્રમ લેબોરેટરી ના બધા સભ્યો અને શિફા ચેરીટેબલ ટ્રસ્ટ વતી જોની ભાઈ, ઐયુબભાઈ ટ્રેનડી, સૈયદ સાહેબ અને સલીમભાઈ નવાબ નાઓ હાજર રહ્યા હતા અને સદર કેમ્પનું આયોજન સફળ બનાવ્યું હતું બનાવ્યું હતુ વધુ માં આ કેમ્પમાં 200 થી વધારે લોકો નો નિદાન કર્યું અને ચશ્મા વિતરણ કરાયા.

# વડોદરા શહેર ના કોમી એકતાના પ્રતીક સમાન પીરબડે હઝરત શાહ દાદા (ર.અ.) દરગાહ શરીફના ઉર્સની ઉજવણી

વડોદરા શહેરમાં આવેલી સુફી સંત પીર બડે હજરત શાહ દાદા (રે.અ.) ની ૮૦૦ વર્ષ જૂની હિન્દુ મુસ્લિમ શ્રધ્ધાળુઓ જેની મુલાકાત માટે જાય છે. તે સૂફી સંતની દરગાહ આવેલી છે. જેઓ હઝરત મોહંમદ પયગંબર સાહેબના વંશ માંથી અરબસ્તાનથી ભારત આવ્યા હતા. અને સૂફીજમ ધ્વારા હિન્દુ મુસ્લિમ સમાજમાં એકતા સાથે સેવાનો યજ્ઞ ચાલુ કરવામાં આવ્યો હતો.છેલ્લા ૮૦૦ વર્ષોથી બડે હજરતશા દરગાહના વંશ વારસોના ગાદિપતિઓ ધ્વારા આજસુધી હિન્દુ મુસ્લિમ સમાજમાં એકતા સાથે ઈસ્લામ ધર્મના સૂફીઝમનો સંદેશો તથા સેવા કાર્યો કરવામાં આવી રહ્યા છે.પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૨૩-૦૨-૨૦૨૫થી ૨૫-૦૨-૨૦૨૫ સુધી દરગાહ શરીફ નું સંદલ ઉર્સ નીમિત્તે શાનદાર પ્રોગ્રામ દરગાહ પરના હાલાન ગાદીનશીન હજરત સૈયદ સમીરઅલી જાગીરદાર બાપુની નિગરાણી હેઠળ યોજાયેલ તા. ૨૩-૦૨-૨૦૨૫ને રવિવારના રોજ સાંજે ૭-૩૦ કલાકે મજાર શરીફ પર સંદલ પેઢી ચઢાવવામાં આવી તેમજ નિયાઝ પછી રાત્રી દરમિયાન રીફાઈનો જલસો યોજાયો ૨૪-૦૨-૨૦૨૫ અને ૨૫-૦૨-૨૦૨૫ના રોજ ઉર્સ શરીફની ઉજવણી સાદાઈ પૂર્વક કરવામાં આવી હતી તા.૨૪-૦૨-૨૦૨૫ના રોજ રાત્રે ૯-૦૦ કલાકે નાત સરીફનો પ્રોગ્રામ યોજાયો આ પ્રસંગે વડોદરા શહેરનાં સામાજીક અગ્રણીઓનો અને કોમી એકતા સમિતિઓનો જાહેર સન્માન કરવામાં આવ્યું

# પી.પી. સવાણી યુનિવર્સિટીનો સંસ્કૃતિક મહોત્સવ "કલાગૂંજ 2025" ભવ્ય સફળતા તરફ આગળ વધ્યો




પી.પી. સવાણી યુનિવર્સિટી દ્વારા 19 થી 21 ફેબ્રુઆરી 2025 દરમિયાન ભવ્ય સંસ્કૃતિક મહોત્સવ "કલાગૂંજ 2025" નું આયોજન કરવામાં આવ્યું, જેમાં અનેક ઉત્સાહપૂર્ણ અને સર્જનાત્મક પ્રતિભાઓ એકત્ર થઈ. અંતર-ઈન્સ્ટિટ્યૂટ સ્પર્ધાઓ નું આયોજન કરવામાં આવ્યું, જેમાં 10 થી વધુ કોલેજોના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો અને તેમની કલા અને પ્રતિભા રજૂ કરી.

મહોત્સવની વિશેષતા તરીકે, બીજા દિવસે પ્રખ્યાત આંતરરાષ્ટ્રીય ડીજે "જુલિયા બ્લિસ" એ સાંસ્કૃતિક મંચને રોમાંચક બનાવ્યું, જ્યારે ત્રીજા દિવસે પ્રખ્યાત બોલિવૂડ ગાયક "અર્માન મલિક" ના ગીતોનું પ્રદર્શન શ્રોતાઓ માટે યાદગાર ક્ષણો સર્જી ગયું.

પી.પી. સવાણી યુનિવર્સિટી, જે તેની સર્વાંગી વિકાસના અભિગમ માટે જાણીતી છે, દર વર્ષેએ કલાગૂંજ નું આયોજન કરીને વિદ્યાર્થીઓની સાંસ્કૃતિક અને અતિરિક્ત પ્રવૃત્તિઓમાં પ્રગતિ થાય એ માટે સારો મંચ પૂરો પાડે છે. આ યુનિવર્સિટી માત્ર શૈક્ષણિક વિકાસ જ નહીં, પણ વિદ્યાર્થીઓની સર્વાંગી કુશળતા વિકસાવવાનો સંકલ્પ પણ રાખે છે.

# કુરાન અને ઈસ્લામનું એક જ ઉદ્દેશ્ય છેઃ અમનો ચૈન

## તમામને બરાબરીનું હક અને સન્માન મળે ભેદભાવ ખતમ થાય સુફીસંત સૈયદ ખાલીદ



અમદાવાદ ના વટવા મા સુફી ખાનકાહ એસોસીએશન અધિવેશન રાખવામાં આવ્યું હતું જેમા યુવા શકિત ને પ્રોત્સાહન વિષય પર એક દિવસ નું રાષ્ટ્રીય અધિવેશન થયો જેમાં ચીફ અતિથિ મા સુફી ખાનકાહ એસોસીએશન ના રાષ્ટ્રીય કાર્યકારી પમુખ સુફી સૈયદ ખાલીદ એ કીધું ઈસ્લામ બેશક અમન શાંતિ ભાઈચારા અને દરેક થી મોહબત મોટા નાના નું આધાર અને દરેક ને બરાબરી નું સન્માન દેવા વાળુ મજહબ છે .

અને કુરાન કરીમ ની આ ભુલભુત શિક્ષા છે જેનું પ્રચાર પ્રસાર મોહમદ પૈગમબર સાહેબ ને અને એમના ભાઈ

હઝરત મૌલા અલી એ કયુ અને એમની એહલે એ બેત કરતી આવે છે અને જેમનું મુલ ઉદ્દેશ્ય કુલ ખલક અયાલ અલલાહ યાની વસુદેવ કુટુંબકમ છે. આજે પુરા ભારત મા આ સંદેશ દેવા નું કામ રાષ્ટ્રવાદી સુફી ખાનકાહ એસોસીએશન કરી રહી છે એમને કિધુ કે સિયાસતે એ મુઆવિયા જિદાબાદ ના નારા લગાવા વાળા એમના સમર્થન ભારત વિરોધી એજનડે પર કામ કરી દેશ ને કમજોર કરવાની સાજિંશ કરી રહ્યા છે આ મૌકા પર વિશિષ્ટ અતિથિ ના ગેપટ તરીકે મૈસુર કણાટકા થી સમિમલિત થયા તમામ હોદા દારો ઉપસ્થિત હતા.

# વારસિયામાં પ્રજાપિતા બ્રહ્માકુમારી દ્વારા લોકોને શિવરાત્રિ નું શું મહત્વ તેની જાગૃતિ માટે શોભાયાત્રા નું આયોજન કરાયું



શિવરાત્રિ પર્વને હવે જૂજ દિવસો બાકી રહ્યા છે ત્યારે શહેરના વારસિયા વિસ્તારમાં આવેલા પ્રજાપિતા બ્રહ્માકુમારી દ્વારા લોકોને શિવરાત્રિ નું શું મહત્વ છે તથા નિરાકાર પિતા પરમાત્મા સાથે લોકો જોડાય તે ઉદેશ સાથે આ શોભાયાત્રા નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બ્રહ્માકુમારી સંગીતાદીદી તેમજ બ્રહ્માકુમારી કામીની દીદી સાથે જ સ્થાનિક નગર સેવક હિરાભાઈ કંજવાણી, સામાજિક અગ્રણી સન્મુખ જ્ઞાનચંદાની સહિતના આગેવાનો જોડાયા હતા.આ શોભાયાત્રામાં નાના બાળકો શિવ, પાર્વતી,નંદી સહિતની વેશભૂષામાં આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.આ શોભાયાત્રા વારસિયા વિસ્તારમાં આવેલા ઘનશ્યામ પાર્ક થી નિકળી હતી અને ઈન્દ્રેશ્વર પહોંચી હતી આ દરમિયાન વિશ્વ હિન્દુ પરિષદ કારેલીબાગ પ્રખંડ તથા કિશનવાડી પ્રખંડના હોદેદારો, સભ્યો દ્વારા સાથે જ રસ્તામાં ઠેરઠેર શોભાયાત્રા નું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

# ભાલેજમાં ગુલામે ગૌશુલ રીફાઈ કમીટી દ્વવારા પ્રથમ સમુહ લગ્ન સૈયેદ પીરજાદા ગૌશઉદ્દીન રિફાઈ સાહબ મોટી ગાદી સુરતની ઉપસ્થિતિમાં યોજાયો

## આણંદ જિલ્લાના ભાલેજ ગામમાં રીફાઈ કમીટી ભાલેજ દ્વારા પ્રથમ સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું.

(અહેવાલ વિપિન મિશ્રા આણંદ)




રીફાઈ ગ્રુપ ભાલેજ આયોજિત સમૂહ લગ્નોત્સવ સમારોહમાં ૨૨ જેટલા મુસ્લિમ સમાજના યુગલોએ ઈસ્લામ ધર્મ ના શરિયત પ્રમાળે લગ્ન કરી લગ્ન ગ્રન્થી માં પ્રવેશ કર્યો. આ સમૂહ લગ્નોત્સવ દ્વારા એક અનુપમ સંદેશ પણ આપ્યો હતો. ભારત જેવા બિનસાંપ્રદાયીક દેશમાં ગરીબી એ સૌથી મોટો ધર્મ છે. અને આ ધર્મના લોકો બે ટંકના જમવા માટે પણ જઝૂમતા હોય છે. આવા ગરીબ પરિવારોના દીકરા- દીકરીઓના ઘર સંસાર માંડવાના સપનાઓ પરિપૂર્ણ થતાં નથી.

દરેક વર્ગના ગરીબો માટે પોતાના સંતાનોના લગ્ન કરાવવા કઠિન હોય છે. નાણાં અને સંશાધનથી લાચાર દરેક ધર્મના ગરીબો સંતાનોના લગ્ન કરાવી શકતા નથી. પરંતુ કહેવાય છે, જેનું કોઈ નથી તેનો ઈશ્વર છે. આ જ સૂત્રને સાર્થક સાબિત કરે છે, માનવતા.

જીવનનો બીજો તબક્કો એટ્લે ઘર સંસાર... ભારત ભરમાં સેવારૂપી સંસ્થાઓ દ્વારા સેવાકીય કાર્ય કરવામાં આવતા હોય છે. ભૂખ્યાને ભોજન, ભટકતાને આશરો અને ગરીબ પરિવારોના લગ્ન કરાવી આપતી અનેક સંસ્થાઓ કાર્યરત છે. જેમાં મોટી ખાનકાહ એ રીફાઈ સુરત દ્વારા સંચાલિત રીફાઈ કમીટી ભાલેજ દ્વારા સંસાર માંડવા માટે ઘર વખરીનો ૧૦૧ થી વધુ વસ્તુ ઓ સખી દાતાઓ તરફ થી પુરી પાડવામાં આવી હતી.

રીફાઈ કમીટી ભાલેજ જે વર્ષોથી ગરીબ પરિવારોના લગ્ન રીફાઈ સીવણ ક્લાસ મેહદી ક્લાસ અને કોઈ આકસ્મિક બનાવ માટે મદદ નું માધ્યમ બને છે અને આ સમૂહ લગ્ન માં લગ્ન સાદગી થી થાય અને કુરિવાજો દૂર થાય અને નેસ્ત નાબુદ થાય તે હેતુસર એક જ સ્થળે સમૂહ લગ્નનું સફળ આયોજન કરવામાં આવ્યાં. આ સમૂહ લગ્નમાંસમૂહ લગ્નમાં મુખ્ય અતિથિ સૈયેદ પીરજાદા ગોશુદીન લતીફુદ્દીન રિફાઈ હઝરત સાહબ મોટી ખાનકાહ સુરત, હાજી ઈસ્માઈલ બાપુ, મોલાના અમીનોદિન ઉમરેઠ અને ગામની મસ્જીદો સરપંચ ગામના આગેવાનો અને ગામની મસ્જિદોના આલીમાં હાજરી આપી હતી અને ૨૨ દુલ્હા અને દુલ્હન ને આશીર્વાદ દુવાઓ આપી હતી. અને ભાલેજ આવેલા મેહમાનો અને વડીલો આગેવાનો ગ્રામજનો નો અને સખી દાતાઓ નું ખુબ ખુબ આભાર વ્યક્ત કર્યો હતો..

# ખાનગી મિલકતોમાં હોર્ડિંગ્સ બોર્ડની લાઇસન્સ ફી રદ કરો

વડોદરા શહેરમાં ફૂટપાટ તથા રસ્તા ઉપર ગેરકાયદે રીતે બોર્ડ લગાવવામાં આવે છે. છતાં પાલિકા દ્વારા તેને કાઢવામાં આવતા નહીં હોવાના આક્ષેપ સાથે વડોદરા આઉટડોર્સ એડવર્ટાઈઝિંગ એજન્સીએ ખાનગી મિલકતોમાં લાગતા જાહેરાત હોર્ડિંગ્સ-બોર્ડની લાયસન્સ સંપૂર્ણ રીતે રદ કરવા માગ કરી છે.

વડોદરા આઉટડોર્સ એડવર્ટાઈઝિંગ એજન્સીએ સ્થાયી સમિતિ ચેરમેનને પત્ર લખી જણાવ્યું છે કે શહેરમાં લાકડાના બામ્બુ કે જીઈબીના થાંભલાઓ પર લગભગ 2000 જેટલા બોર્ડ કાયમી લાગે છે. ટ્યુશન ક્લાસ, બાંધકામ, મેડિકલ કેમ્પ જેવી વ્યવસાયિક જાહેરાતો હોય છે. આ બોર્ડ ગેરકાયદેસર હોવા છતાં પાલિકા તેની સામે એક્શન લેતી નથી. પાલિકા દ્વારા ખાનગી મિલકતોમાં લાગતા જાહેરાતના બોર્ડની લાઈસન્સ ફી પસંદ કરવામાં આવે છે તો બીજી તરફ ગેરકાયદે બોર્ડને હટાવવામાં દૂર કરવામાં ઉદાસીનતા દાખવવામાં આવી રહી છે. બોર્ડ ભવિષ્યમાં પરત ન લાગે તેનું ધ્યાન રાખવામાં આવે. બોર્ડ લાગવાની પ્રવૃત્તિને રોકી ન શકાતી હોય તો ખાનગી મિલકતોમાં લાગતા જાહેરાતના હોર્ડિંગ્સ-બોર્ડની લાઈસન્સ ફીને સંપૂર્ણ રીતે રદ કરવી જોઈએ.

# કાર્યવાહીની માગઃ આજવા ગાર્ડનમાં 10ને બદલે 190 ફી વસૂલાય છે, પોતાના હસ્તક લઈ લો

## સંજયનગરનું કામ માત્ર 22% જ થયું, કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કેમ નથી કર્યો

પાલિકાની બજેટની સભામાં વિપક્ષના નેતાએ આજવા ગાર્ડનમાં મંજૂરી વિના ઊભા કરાયેલા ગેરકાયદે બાંધકામ અને હોટલ હટાવી ગાર્ડનને પોતાના હસ્તક લેવા રજૂઆત કરી હતી. ઉપરાંત આજવા ગાર્ડનમાં રૂા.10 ફી લેવાતી હતી, પણ હાલ રૂા.190 લઈ સંચાલકો મસમોટી કમાણી કરી રહ્યા હોવાના આક્ષેપ કરી કાર્યવાહી કરવા માગ કરી છે.

ચંદ્રકાન્ત શ્રીવાસ્તવે કહ્યું કે, સંજયનગરનું કામ 18 માસમાં પૂરું કરવાનું હતું, પણ હજી માત્ર 22 ટકા કામ થયું છે. 3 વર્ષથી લાભાર્થીઓને ભાડું ચૂકવાતું નથી. જેથી કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કેમ નથી કર્યો? આજવા ગાર્ડનની 130 એકર જમીન જીએસએફસીને પીપીપી ધોરણે આપી હતી.

જીએસએફસી અને ગુજરાત ટુરિઝમ સાથે એમઓયુ થયા છે. અત્યારે આતાપી વન્ડરલેન્ડે ટેન્ડર વિરુદ્ધ હોટલ અને પાર્ટી પ્લોટ બનાવ્યો છે. પાલિકાની મંજૂરી વિના ગેરકાયદે બાંધકામ કરી આવક ઊભી કરી છે. બીજી તરફ 45 લાખ જેટલી સામાન્ય રકમ મળે છે. જેથી તાત્કાલિક ધોરણે ગાર્ડનને પોતાના હસ્તક લઈ કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરવો જોઈએ. કોંગ્રેસનાં કોર્પોરેટર પુષ્પા વાઘેલાએ ભાજપનું નામ લેતાં સત્તા પક્ષના કાઉન્સિલરોએ હોબાળો કર્યો હતો. અજિત દાધિચે કહ્યું કે, તમે ઘટતા રહ્યા છો અને ઘટતા રહેશો.

જ્યારે જાગૃતિ કાકાએ કટાક્ષ કર્યો કે, કરજણમાં પણ બતાવી દીધું કે તમે ક્યાં છો. ત્યારે પુષ્પા વાઘેલા વળતો જવાબ આપ્યો કે, અમે અમારી તાકાત પર જીતીએ છીએ, તમે મોદીના નામે. પોતાની તાકાત પર જીતો તો માનીએ.

વોર્ડ 10ના કાઉન્સિલર ઉમંગ બ્રહ્મભટ્ટે કહ્યું કે, ભાયલી તળાવને ઊંડું કરી બ્યૂટિફિકેશન કરો. તથા ગોત્રી ટાંકીથી પ્રિયા ટોકીઝ સુધી જૂની-જર્જરિત ડ્રેનેજ લાઈનને બદલીને 1200 મિમી લાઈન નખાય. ભાયલી પાછળ વરસાદી કાંસનું કામ અધૂરું છે તે પૂર્ણ કરો. ગોત્રીમાં ક્રિકેટ ગ્રાઉન્ડની વાત છે, જ્યાં બાજુમાં સ્વિમિંગ પુલ અને અતિથિગૃહનું પણ નિર્માણ કરાય. ગોત્રીમાં રામજીની મૂર્તિ સાથે ગ્લો ગાર્ડન અને લેશર શો થાય તો લોકોને સગવડ મળે.

# વાલ્વની કામગીરી દરમિયાન પાણીની રેલમછેલ:વડોદરામાં વડદલા પાસે લાખો લીટર પાણીનો વેડફાટ; દુકાનો અને ઘરોમાં પાણી ઘૂસી જતાં લોકોને હાલાકી

વડોદરા શહેર નજીક હાઈવે પાસે તરસાલી બાયપાસ વડદલા રોડ પર ભર ઉનાળે વરસાદી માહોલ જોવા મળ્યો હતો. પાણી વિતરણ કરવાના સમયે જ વાલ્વને લગતી કામગીરી કરાતા જળબંબાકારની સ્થિતી સર્જાઇ હતી. રોડ ઉપરના દુકાનદારોએ દુકાનોમાં પાણી ઘૂસી ગયા હોવાના આક્ષેપ કર્યા હતા. રોડ ઉપર પાણીની રેલમછેલ થતાં લોકો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. આડેધડ કામગીરીથી લાખો લિટર પાણી ગટરમાં વહી ગયું હતું.

વડોદરા શહેરમાં આડેધડ કામગીરી સહિતના પ્રશ્ને જાણીતું પાલિકાનું તંત્ર નગરજનોને રાહત આપવાના બદલે મુશ્કેલીમાં વધારો કરી રહ્યું છે. શહેરના તરસાલીથી વડદલા તરફ જવાના માર્ગ ઉપર હાઈવે નજીક પાણીની મુખ્ય લાઈનનો વાલ્વ બદલવાની કામગીરી દરમિયાન પાણીની રેલમછેલ થઈ હતી. માર્ગ પર પાણી ભરાઈ ગયા હતા સાથે આસપાસની દુકાનોમાં પણ પાણી ઘુસી જતાં દુકાનદારોને નુકસાન થયું હતું.

લોકોને પોતાના વાહનો હંકારવાની અને રાહદારીઓને ચાલીને જવાની ઘણી મુશ્કેલીઓ પડી હતી. પાણી વિતરણના સમયે જ આ કામગીરી કરવામાં આવતા પાણી માર્ગ પર ફરી વળ્યાં હતા. ભર ઉનાળે વરસાદી માહોલ જોવા મળ્યો હતો. ત્યારે લોકોએ પાલિકા તંત્રની આડેધડ કરાતી કામગીરી સામે અનેક સવાલો ઉઠાવ્યા હતા.

પાણી વિતરણ સમયે વાલ્વ બદલવાની કામગીરી સમયે પાણીનો વેડફાટ થતાં વિસ્તારના લોકોને ઓછા પ્રેશરથી પાણી મળ્યું હતું. આયોજન વગરની કામગીરીના કારણે લાખો લિટર પાણી ગટરમાં વહી ગયું હતું. જોકે, પાલિકા દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી કરી પાણીનો બગાડ થતો અટકાવ્યો હતો.



# ITI ડેસર ખાતે આજરોજ એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન, 150થી વધુ જગ્યા માટે ઈન્ટરવ્યૂ યોજાશે

આગામી તા. 25 ફેબ્રુઆરીના રોજ મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, વડોદરા તથા સરકારી આઈ.ટી.આઈના સંયુકત ઉપક્રમે સરકારી આઈ.ટી.આઈ ડેસર ખાતે તા. 25-02-2025ના રોજ સવારે 11 કલાકે રોજગાર/એપ્રેન્ટીસ ભરતીમેળો અને અનુંબંધમ રોજગાર નામ નોંધણી કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે. ધો. 10-12 પાસ અને તમામ આઈ.ટી.આઈ ટ્રેડના ઉમેદવારો માટે આ રોજગાર અને એપ્રેન્ટીસ ભરતીમેળો યોજાશે.

આ ભરતીમેળામાં વડોદરા જિલ્લાના અને તેની આજુબાજુના નોકરીદાતા દ્વારા 150થી વધુ વેકેન્સી માટે ઈન્ટરવ્યૂ યોજાશે. જેમાં નોકરીદાતા દ્વારા ફ્રેશર / અનુભવી ઉમેદવારોને ઓપરેટર, ટ્રેઈની, ડેટા એન્ટ્રી ઓપરેટર, પ્રોડક્શન સુપરવાઈઝર જેવી જગ્યાઓ માટે ઈન્ટરવ્યૂ લેવામા આવશે. રોજગારી મેળવવા માંગતા ઉમેદવારોને ગુજરાત સરકારના અનુબંધમ પોર્ટલ અને ભારત સરકારના એનસીએસ પોર્ટલ પર રજિસ્ટ્રેશન અને તેના ઉપયોગ વિશે તથા રોજગાર કચેરીની રોજગાર અને સ્વરોજગારલક્ષી સેવાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવશે. ભરતીમેળામાં ઉમેદવારોએ તેમના પાંચ બાયોડેટા સાથે સ્વખર્ચે હાજર રહેવા રોજગાર અધિકારી વડોદરાની યાદીમાં જણાવાયું છે.

# નડિયાદમાં હવે આરોગ્ય કર્મીઓને નિયમિત રીતે ઓનલાઈન હાજરી ભરવાની રહેશે

ખેડા જિલ્લાના આરોગ્ય વિભાગમાં સ્ટાફની અનિયમિતતાને લઈને છાશવારે ફરિયાદો ઉઠતી રહે છે. ત્યારે હવે આવા ગુલ્લીબાજ કર્મચારીઓને નિયમિત કરવા માટે આરોગ્ય વિભાગ દ્વારા ઓનલાઈન હાજરી ફરજિયાત કરવામાં આવી છે. ખેડા જિલ્લા આરોગ્ય વિભાગમાં તબીબથી લઈને સ્ટાફના લોકો અનિયમિત રીતે હાજર રહેતાં હોવાની ફરિયાદ છાશવારે ઉઠે છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય વિભાગના કર્મચારીઓની અનિયમિતતાને લઈને વારંવાર બૂમ ઉઠતી રહે છે.અગાઉ પણ જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા તમામ આરોગ્ય કર્મીઓને નિયમિત રીતે હાજર રહેવા વારંવાર તાકિદ કરવામાં આવી હોવાછતાં પણ કર્મચારીઓ નિયમિત રીતે ફરજ પર હાજર થતાં ન હોવાને લઈને હવે આરોગ્ય વિભાગ દ્વારા તમામ કર્મચારીઓને ફરજિયાત ઓનલાઈન હાજરી ભરવાની તાકિદ કરવામાં આવી છે. જેને લઈને હવે ગુલ્લીબાજ કર્મચારીઓમાં ફફડાટ જોવા મળી રહ્યો છે. ગ્રામ્ય વિસ્તારોમાં ફરજ બજાવતાં અનેક કર્મીઓ પોતાની ફરજ પર મોડાં આવતાં હોવાનું અને ફરજ પૂરી થતાં પહેલાં જ ઘર ભેગા થઈ જતાં હોવાની ફરિયાદોને લઈને તંત્ર દ્વારા આ નિર્ણય લેવાયો છે.

# વડોદરા જિલ્લામાં આવાસ યોજનાના સર્વેક્ષણમાં ૧૪૪૧૫ લાભાર્થીઓ નોંધાયા, પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ ૨.૦ માટે લાભાર્થીઓને શોધવા માટે ગ્રામ વિકાસ એજન્સી દ્વારા કવાયત

વડોદરા જિલ્લામાં ઘરવિહોણા લોકોને શોધી તેને પ્રધાનમંત્રી આવાસ યોજનામાં સમાવવા માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વેક્ષણમાં ૧૪૪૧૫ લાભાર્થીઓ નોંધાયા છે. રાજ્ય સરકાર દ્વારા આ વખતના અંદાજપત્રમાં આવાસ યોજનામાં આર્થિક સહાયમાં કરાયેલા માતબર વધારાનો લાભ પણ મળવાનો છે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી હિમાંશુ પરીખે જણાવ્યું કે, હાલમાં ગ્રામીણ વિસ્તાર માટે પ્રધાનમંત્રી આવાસ યોજના માટે એક લાભાર્થીને રૂ. ૧.૨૦ લાખની સહાય આપવામાં આવે છે. જેમાં આવાસ મંજૂરીના સમયે રૂ. ૩૦ હજાર, ઘરનું પ્લીન્થ સુધીના બાંધકામ થવાથી રૂ. ૮૦ હજાર અને પૂર્ણ થવાથી બાકીના રૂ. ૧૦ હજારની ચૂકવણી કરવામાં આવે છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણમાં ઉક્ત રીતે રૂ. ૧.૨૦ લાખ સિવાય રૂ. ૧૨ હજારની સહાય ટોઈલેટ બ્લોક માટે અને ઘર બાંધકામમાં કામ કરવા બદલ પરિવારના એક સભ્યને પ્રતિ દિનના રૂ. ૨૮૦ લેખે ૯૦ દિવસની રોજગારી પેટેની સહાય મનરેગા હેઠળ આપવામાં આવે છે. લાભાર્થી જો તેમના મકાનનું બાંધકામ છ માસની અંદર પૂર્ણ કરે તો તેમને વધારાના રૂ. ૨૦ હજારની સહાય મળે છે. રાજ્ય સરકાર દ્વારા બજેટમાં આવા મકાનના બાંધકામ માટે સહાયની રકમમાં રૂ. ૫૦ હજારની વૃદ્ધિ કરી છે. જેનાથી ગરીબ પરિવારોને ફાયદો થશે.



જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી મમતા હિરપરાના માર્ગદર્શન હેઠળ વડોદરા જિલ્લાની ૫૩૦ ગ્રામ પંચાયતોમાં ઘરવિહોણા લોકોનો શોધવા માટે સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું. કેન્દ્ર સરકાર દ્વારા ગરીબોને જેઓને ખુલ્લો પ્લોટ હોય, કાચું મકાન હોય તેવા પરિવારોને પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ - ૨.૦ હેઠળ પાકું મકાન બનાવવા ઉક્ત ધોરણે આર્થિક સહાય આપવામાં આવે છે. હાલમાં લાભાર્થીઓના સર્વેક્ષણ કરી ઓનલાઈન ફોર્મ ભરવાની કામગીરી ચાલી રહી છે. આ સર્વેક્ષણમાં બાકી તમામ લાભાર્થીઓને આવરી લેવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

# નડિયાદમાં યુવા શક્તિનો સંગમ:પાંચ પ્રતિષ્ઠિત હસ્તીઓનું સન્માન, ત્રણ મોટિવેશનલ સ્પીકર્સે યુવાનો સાથે સંવાદ કર્યો

નડિયાદના પીપલગ રોડ સ્થિત રાધે ફાર્મ ખાતે માં ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા યુથ સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય પંકજ દેસાઈની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં યુવાનો અને નાગરિકો જોડાયા.



કાર્યક્રમમાં પાંચ દિગ્ગજ હસ્તીઓને પંકજ દેસાઈ પુરુષાર્થ પારિતોષિકથી નવાજવામાં આવ્યા. સન્માનિત થનારાઓમાં ડી.ડી.યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પદ્મશ્રી ડો.એચ. એમ.દેસાઈ હતા. કીડની હોસ્પિટલના ટ્રસ્ટી ડો.મહેશભાઈ દેસાઈ અને SNV સ્કૂલના ચેરમેન વિપુલભાઈ પટેલનો પણ સમાવેશ થયો. મગનભાઈ એડન વાલા મહાગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો. એસ.એન. ગુપ્તા અને સી.જે.કંપનીના દાનવીર કિરણભાઈ પટેલને પણ સન્માનિત કરાયા.

નડિયાદની ધાર્મિક અને સામાજિક સંસ્થાઓના સંતો-મહંતો તથા અગ્રણીઓએ પણ કાર્યક્રમની શોભા વધારી.

# મોતીબાગ પાસે ખોદકામ વેળા 35 ફૂટ ઊંડા ખાડામાં પાણી નીકળ્યા બાદ માટી ધસી પડી,રહીશોના જીવ તાળવે ચોંટ્યા

## રાજમહેલ રોડ પર સાંઇ શુકુન એપાર્ટમેન્ટ પાસે હોટલના બાંધકામનું કામ ચાલે છે, વીજ થાંભલો પણ ધસી પડ્યો

રાજમહેલ રોડ પર મોતીબાગ પાસે આવેલા સાંઈ શુકુન એપાર્ટમેન્ટ નજીક હોટલનાં બાંધકામ માટે ખોદકામ કરાઈ રહ્યું હતું. દરમિયાન 35 ફૂટના ખાડામાં પાણી આવી જતાં રોડ પાસે માટીનો ભાગ ધસી પડ્યો હતો. જેને પગલે લોકોના જીવ તાળવે ચોંટ્યા હતા.

મોતીબાગ પાસે સાંઈ શુકુન એપાર્ટમેન્ટ નજીક હોટલની સાઈટની પર બપોરે 3:24 કલાકે ખાડો ખોદતાં જમીનમાંથી પાણી નીકળવા સાથે માટી ધસી પડી હતી. જેને કારણે વીજ થાંભલો પણ અડધાથી વધુ નીચે ઊતરી ગયો હતો. ઘટનાને પગલે ત્યાંનાં 8થી 9 ઝૂંપડામાં રહેતા લોકોમાં ફફડાટ ફેલાયો હતો. આ અંગે જાણ કરાતાં ફાયરબ્રિગેડે પહોંચી વિસ્તારને કોર્ડન કરી ઝૂંપડાં ખાલી કરાવ્યાં હતાં. આ સાથે પાલિકાની બિલ્ડિંગ શાખા અને પોલીસે પહોંચી કામ બંધ કરાવ્યું હતું. જ્યારે સ્થળે પહોંચેલા વીજ કર્મીઓએ જોડાણ બંધ કર્યું હતું. ઘટના બનતાં વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો. સદનસીબે કોઈને ઈજા કે જાનહાનિ થઈ નહોતી.

બાંધકામ શાખાના અધિકારીએ કહ્યું કે, બિલ્ડરે ખોદકામ કરતાં ઝૂંપડાવાસીઓએ વાંધો ઉઠાવી પાલિકામાં અરજી કરી હતી. જેથી અધિકારીઓ સ્થળે પહોંચ્યા હતા. આ ઘટના પછી મામલતદારે હાલ કામ બંધ રાખવા બિલ્ડરને સૂચના આપી હતી. તેમજ માપણી થયા પછી જ આગળનો નિર્ણય લેવાશે.



# ૧૦૦ દિવસ ટીબી નિર્મૂલન ઝુંબેશ / વડોદરા શહેરમાં ટીબીના ૧૦૦ દર્દીઓને પોષણયુક્ત આહાર કીટનું વિતરણ કરાયું

વડોદરા શહેરમાં હાથ ધરવામાં આવેલી ૧૦૦ દિવસની ટીબી નિર્મૂલન ઝુંબેશ દરમિયાન શુક્રવારે રોટરી ક્લબ ઓફ બરોડા દ્વારા ૧૦૦ ટીબીના દર્દીઓને પોષણયુક્ત આહાર મળી રહે અને ટીબી રોગથી મુક્ત થાય તે માટે રોટરી ક્લબ ઓફ બરોડા કારેલીબાગ ખાતે કીટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. કીટ વિતરણ બાદ નવી ધરતી અર્બનહેલ્થ સેન્ટરના સ્ટાફ અને તિરુપતિ નર્સિંગ સ્કૂલના સ્ટુડન્ટ ધ્વારા જન જાગૃતિ રેલી યોજાઈ હતી. ટીબીના દર્દીઓને પોષણયુક્ત આહાર મળી રહે અને ઝડપી સાજા થાય તે હેતુથી દર મહીને રાશન કીટ આપવામાં આવે છે. રોટરી ક્લબ ઓફ બરોડાના



નયનભાઈ તથા રોટરી ક્લબ ઓફ કારેલી બાગ મેડીકલ ઓફિસર,રાજ્ય કક્ષાએથી આવેલ સ્ટેટ પી.એમ.ટી.બી ક્ન્સલટન્ટ,શહેરી ટીબી ઓફિસર અને એન.ટી.ઈ.પી સ્ટાફના સહયોગથી ટીબી ની સારવાર લઈ રહેલા દર્દીઓને પૌષ્ટીક આહાર કીટ તૈયાર કરીને વિતરણ કરવામાં આવ્યું હતું.

## ગુજરાતના વીજગ્રાહકો માટે સ્માર્ટ મીટર ફરજિયાત

# ઊર્જામંત્રી કનુ દેસાઈએ કહ્યું-'હાલના મીટર અને સ્માર્ટ મીટરની કામગીરી સમાન છે'; સરકારે વિધાનસભામાં આપી માહિતી

ગુજરાતમાં છેલ્લા ઘણાં સમયથી સ્માર્ટ મીટરને લઈને હોબાળા થઈ રહ્યો હતો. લોકોએ પ્રિ-પેઈડ રિચાર્જ સિસ્ટમને લઈને સ્માર્ટ મીટરનો વિરોધ કર્યો હતો. આ દરમિયાન વિધાનસભામાં કોંગ્રેસ ધારાસભ્ય કિરીટ પટેલે પ્રિ-પેઈડ સ્માર્ટ મીટર અંગેના સરકારને સવાલ કર્યો હતો. આ સવાલનો જવાબ આપતા ઊર્જા મંત્રી કનુ દેસાઈએ જણાવ્યું હતું કે, 'હાલના મીટર અને સ્માર્ટ મીટરની કામગીરી સમાન છે તેથી તમામ વિગતો મોબાઈલ પર ગ્રાહકો મેળવી શકશે'.

રાજ્યના ઊર્જા મંત્રી કનુ દેસાઈએ જણાવ્યું હતું કે, 'પ્રિ-પેઈડ સ્માર્ટ મીટર લગાવવું ફરજિયાત છે, પ્રિ-પેઈડ સ્માર્ટ મીટરના અનેક પ્રકારના ફાયદા છે. તેના કારણે વીજ વપરાશની જાણકારી મોબાઈલ પર મળી રહેશે. અત્યારે ઉપયોગમાં લેવાતા મીટર અને સ્માર્ટ મીટરની કામગીરી સમાન છે'.

ઊર્જા વિભાગના જણાવ્યાનુસાર, હાલના મેન્યુઅલ રીડિંગ પર આધાર રાખવાને બદલે સ્માર્ટ મીટર જાતે વીજ વપરાશનો ડેટા એકત્રિત કરે છે અને તેને વીજ વિતરણ કંપનીઓને ટ્રાન્સમિટ કરે છે. સ્માર્ટ મીટરમાં જે તે વીજ ગ્રાહકના વીજ વપરાશ અંગેના ડેટા તેમજ અન્ય માહિતી સ્માર્ટ મીટરની અપ્લિકેશન દ્વારા મોબાઈલ પર જ નિયમિત અને તાત્કાલિક ધોરણે વીજ ગ્રાહકને મળી રહે છે.

સ્માર્ટ મીટર ગ્રાહકલક્ષી મૈત્રીપૂર્ણ સુવિધાઓ ઉપલબ્ધ કરાવે છે. જેમાં એડવાન્સ મીટરિંગ સિસ્ટમ હોવાથી તે ગ્રાહકના સ્માર્ટ મીટર એપ્લિકેશન તેમજ ડિસ્ટ્રિબ્યુશન કંપની બંને સાથે કોમ્યુનિકેટ કરે છે. સ્માર્ટ મીટરથી વીજ કંપની દરેક વિસ્તારની વીજ માગ સમજી તેનું સરળતાપૂર્વક આયોજન કરી શકે છે.

# IT વિભાગનો દેશનો પ્રથમ બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો, 128 યુનિટ રક્ત એકત્ર થયું



દેશમાં પ્રથમ વખત ઇન્કમટેક્સ વિભાગે રક્તદાન શિબિર યોજી હતી. ઇન્દુ બ્લડ બેંક પણ આ કાર્યમાં જોડાઇ હતી. વડોદરાના ચીફ કમિશનર ઓફ ઇન્કમટેક્સ અંકુર ગર્ગે શહેરની ઇન્કમટેક્સ ઓફિસ, દાહોદ-આણંદ ખાતે રક્તદાન શિબિર યોજી હતી. વડોદરાની શિબિરમાંથી 128 યુનિટ રક્ત એકઠું કરવામાં આવ્યું હતું.






# પાલિકાના ડોર-ટુ-ડોરના વાહનની ટક્કરથી મોપેડ સવાર નર્સનું મોત

2 મહિના પહેલા જ ડોર-ટુ-ડોરના વાહને એક બાળકને અડફેટે લેતા તેનું મૃત્યું થયું હતું. ત્યારે શહેરમાં ફરી આ પ્રકારની ઘટના બની છે. જેમાં 25 વર્ષીય યુવતીને ડોર-ટુ-ડોરના વાહને અડફેટે લેતા તેનું સારવાર દરમિયાન મોત થયું હતું.મૂળ ભરૂચની અસ્મા પટેલ સોમા તળાવ પાસે ગોકુળ નગરમાં રહેતી હતી અને સવિતા હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવતી હતી. ગત ગુરુવારે તે 3 વાગે હોસ્પિટલમા ડ્યુટી બજાવીને ઘરે આવી રહ્યા હતા. ત્યારે સોમા તળાવ ચાર રસ્તા પરથી પોતાનું મોપેડ લઈને પસાર થઈ રહી હતી. ત્યારે પાલિકાના ડોર-ટુ-ડોરના વાહને તેને પાછળથી અડફેટે લીધા હતા. જેના કારણે તેને છાતીના ભાગમાં અને હાથમાં ગંભીર ઈજા પહોંચી હતી.

અસમાને સવિતા હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાઈ હતી.જ્યાં સારવાર દરમિયાન બુધવારે મોડી સાંજે તેનું મૃત્યુ થયું હતું. જેથી કપૂરાઈ પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.







# પીવાના દૂષિત પાણીને લઈ સ્થાનિકો પરેશાન, કોર્પોરેટરે લોકોને સાથે રાખી કમિશનર કચેરીએ ધરણા કરવાની ચીમકી ઉચ્ચારી

વડોદરાના મહાનગરપાલિકાની વહીવટી વોર્ડ નં.13માં પીવાનું દૂષિત પાણી આવતા આજે લોકો રોષે ભરાઈ ઉગ્ર રજૂઆત માટે રસ્તા પર ઉતરી પાલિકાનો વિરોધ નોંધાવ્યો હતો. કોંગ્રેસના કોર્પોરેટર બાળુ સુર્વે સ્થાનિકોના પ્રશ્નનોને મજબુતાઈ પુર્વક ઉઠાવવા માટે પહોંચ્યા હતા. સોસાયટીમાં રહેતા સિનિયર સિટીઝન અને નાના બાળકો પાણીના કારણે ભારે મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. આ તકે કોર્પોરેટરે ચીમકી ઉચ્ચારી છે કે, અમારા પ્રશ્નનો ઉકેલ નહીં આવે તો સ્થાનિકોને સાથે રાખીને કમિશનરની કચેરીએ ધરણાં કરીશું.

વિજય નગરના રહીશોની રજૂઆત છે કે, પાલિકા દ્વારા આવું દુર્ગંધ મારતું પાણી એક મહિનાથી આપવામાં આવી રહ્યું છે. બે-ત્રણ દિવસથી પાણી વધારે ખરાબ આવી રહ્યું છે. ઘરોમાં સિનિયર સિટીઝન અને બાળકો રહે છે. અમે ફરિયાદો કરી છે. દર થોડાક દિવસે ટાંકી સાફ કરાવવી પડે છે. આ પ્રશ્નનો તાત્કાલિક ઉકેલ લાવવું જોઈએ, તેની જરૂરિયાત છે.



# તરસાલી વિસ્તારમાં વોર્ડ નં. ૧૭ કોંગ્રેસ સમિતી આયોજીત આયુષ્યમાન વય વંદના કાર્ડ કેમ્પ નું સુંદર આયોજન

**કેમ્પ માંજલપુર, દંતેશ્વર તેમજ તરસાલી વિસ્તાર ની અલગ અલગ સોસાયટીઓ માં અગાઉ પણ થતા રહેશે એવું વોર્ડ નં.૧૭ કોંગ્રેસ પ્રમુખ પાર્થ પટેલે જણાવ્યું**

વોર્ડ નંબર ૧૭ કોંગ્રેસ પ્રમુખ પાર્થ પટેલ દ્વારા સમયાંતરે સામાજીક કાર્યક્રમો થતા જ રહે છે એવા માં આજ રોજ તરસાલી વિસ્તાર માં શરદનગર પાસે આવેલ સાંઈબાબા મંદિર માં 70 વર્ષ કે તેથી વધુ ઉંમર નાં વરિષ્ઠ નાગરિકો નાં સ્વાસ્થ્ય ની સુરક્ષા માટે તેમજ વિસ્તાર નાં ઉંમરલાયક નાગરિક ને કાર્ડ બનાવવા માટે સરકારી કચેરી કે દવાખાના નાં ધક્કા નાં ખાવા પડે તે હેતુ થી આયુષ્યમાન વય વંદના કાર્ડ કેમ્પ નું નિ:શુલ્ક આયોજન વિસ્તાર માં જ કરવામાં આવ્યું હતું. ખૂબ જ સરસ રીતે આ કેમ્પ થયો હતો જેમાં મોટી સંખ્યામાં સિનિયર સીટીઝને આવી ને સેવા નો લાભ લીધો હતો. આ કેમ્પ માં શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વિજ જોષી, પૂર્વ મંત્રી ભીખાભાઈ રબારી, નરેન્દ્ર જયસ્વાલ, નીલા શાહ, પૂનમ પવાર સહિત કોંગ્રેસ નાં અનેક કાર્યકરો હાજર રહ્યા હતા. આ પ્રકાર નાં કેમ્પ માંજલપુર, દંતેશ્વર તેમજ તરસાલી વિસ્તાર ની અલગ અલગ સોસાયટીઓ માં અગાઉ પણ થતા રહેશે એવું વોર્ડ નં.૧૭ કોંગ્રેસ પ્રમુખ પાર્થ પટેલે જણાવ્યું હતું.



# ભારતીય વિદ્યાર્થીઓ માટે શિક્ષણ અને રોજગારી: એક પડકાર કે તક?



દિનેશ બારોટ
મેનેજિંગ એડિટર

ભારતમાં શિક્ષણ પ્રણાલીનો ઉદ્દેશ માત્ર શૈક્ષણિક ડિગ્રી પ્રાપ્ત કરાવવાનો નથી, પરંતુ વિદ્યાર્થીઓને વ્યાવસાયિક અને રોજગાર માટે સજ્જ કરવાનું છે. આજની ગતિશીલ વિશ્વ આર્થિક વ્યવસ્થા અને ટેક્નોલોજી ક્રાંતિએ શિક્ષણ અને રોજગારી વચ્ચે એક મહત્ત્વપૂર્ણ જોડી બનાવી છે.

દર વર્ષે લાખો વિદ્યાર્થીઓ કોલેજ અને યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએટ થાય છે, પરંતુ ઉદ્યોગો અને બજારમાં ઉપલબ્ધ રોજગારીની તકોના સંખ્યા ઓછી જોવા મળે છે. મુખ્ય કારણ એ છે કે પરંપરાગત શિક્ષણ પદ્ધતિઓ હજી પણ નોકરીઓ માટે જરૂરી કૌશલ્ય વિકસાવવામાં પાછળ રહી છે. આજે મશીન લર્નિંગ, ડેટા સાયન્સ, ડિજિટલ માર્કેટિંગ, અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવી નવી ટેક્નોલોજી ઊભરી છે, પરંતુ આપણે હજી પણ પરંપરાગત અભ્યાસક્રમો પર આધાર રાખીએ છીએ.

વિશ્વમાં એક નવી ઈકોસિસ્ટમ ઊભી થઈ રહી છે, જ્યાં ફ્રીલાન્સિંગ, સ્ટાર્ટઅપ્સ, ડિજિટલ ઉદ્યોગો, અને ઊદ્યોગસાહસિકતા (એન્ટ્રપ્રેન્યુરશિપ) માટે વિશાળ તકો ઉપલબ્ધ છે. ભારત સરકારે પણ વિવિધ યોજનાઓ, જેમ કે સ્ટાર્ટઅપ ઈન્ડિયા, મેક ઈન ઈન્ડિયા, અને સ્કિલ ઈન્ડિયાના માધ્યમથી યુવાઓને ઉદ્યોગસાહસિકતા માટે પ્રોત્સાહિત કરવા પ્રયત્ન કર્યો છે. આથી, માત્ર નોકરીની શોધ કરતાં, વિદ્યાર્થીઓએ પોતાનું સ્ટાર્ટઅપ કે ફ્રીલાન્સ કામ શરૂ કરવું જોઈએ.

કૌશલ્ય વિકાસ: બોર્ડ અને યુનિવર્સિટીઓએ સ્કૂલ અને કોલેજ સ્તરે જ ઉદ્યોગ સાથે સંકળાયેલ પ્રાયોગિક કૌશલ્ય અને ઈન્ટર્નશીપને મહત્વ આપવું જોઈએ.

ટેકનોલોજી એડોપ્શન: નવા યુગના ટેકનોલોજી કૌશલ્યો શીખવા માટે ઓનલાઈન કોર્સ અને ડિજિટલ લર્નિંગ પ્લેટફોર્મનો ઉપયોગ કરવો જોઈએ.

સ્ટાર્ટઅપ અને ઉદ્યોગસાહસિકતા: વિદ્યાર્થીએ નોકરીની અપેક્ષા કરતા નવી તક શોધવાની સાથે પોતાનું વ્યવસાય શરૂ કરવો જોઈએ. ગવર્મેન્ટ સપોર્ટ અને યોજનાઓ: સરકાર દ્વારા ચાલી રહેલા પ્રોગ્રામ્સનો લાભ લેવાનો પ્રયાસ કરવો જોઈએ.

ભારતીય વિદ્યાર્થીઓ માટે શિક્ષણ અને રોજગારી એક પડકાર પણ છે અને એક તક પણ. જો વિદ્યાર્થીઓ નવા ઉદ્યોગો, ટેક્નોલોજી અને કૌશલ્ય વિકાસ તરફ દ્રષ્ટિ રાખશે, તો ભારત માત્ર નોકરી શોધનાર દેશ નહીં, પણ નોકરી આપનાર દેશ બની શકશે. આવનારા સમયમાં, શિક્ષણ અને રોજગારી વચ્ચેનું અંતર ઘટાડવું એ દેશના વિકાસ માટે મહત્વનું રહેશે.

# અકોટા સહિત 5 સ્થળે 35 લાખના ખર્ચે ડ્રેનેજ લાઈનનું સમારકામ કરાયું

શહેરમાં આવેલા વિનાશક પૂર બાદ ડ્રેનેજ લાઈન સહિત પાલિકાની મિલકતોને 500 કરોડનું નુકસાન થયું છે. નિઝામપુરા, સમા-સાવલી રોડ, અકોટા રોડ, લક્ષ્મીપુરા તથા વાસણા રોડ પર ડ્રેનેજ લાઈનમાં ભંગાણ પડ્યું હતું. જેના સમારકામ પાછળ 35 લાખનો ખર્ચ થયો છે.

પૂરમાં સમા-સાવલી રોડ પર દુમાડ એપીએસ પાસે લાઈનમાં ભંગાણ પડ્યું હતું. જેના સમારકામ પાછળ 4.08 લાખનો ખર્ચ થયો છે. તદુપરાંત નિઝામપુરા અતિથિગૃહ અને નિઝામપુરા સ્મશાન પાસે ભૂખી કાંસના નાળા પર ભંગાણ થયું હતું, જેના સમારકામમાં 8.61 લાખ ખર્ચ થયો છે. તેવી રીતે સમતા પોલીસ ચોકીથી લક્ષ્મીપુરા એપીએસ તરફ સુરભી પાર્ક પાસે ડ્રેનેજ ગ્રેવિટી લાઈન પર પડેલા ભંગારના રિપેરિંગમાં 8.87 લાખનો ખર્ચ થયો છે. અકોટા રોડ પર આદિત્ય ઈમેજિંગ સેન્ટર પાસે અટલાદરા એસટીપીમાં જતી મુખ્ય ડ્રેનેજ લાઈનમાં ભંગાણનું 4.21 લાખના ખર્ચે સમારકામ કર્યું છે. આ સિવાય વાસણા તરફના રોડ પર બીનાનગર પાસે લાઈનમાં ભંગાણ પડ્યું હતું. જેનું 9.29 લાખના ખર્ચે સમારકામ કરી આકસ્મિક ખર્ચ રૂપે ચુકવણું કરાયું છે. 5 જગ્યાએ સમારકામની કામગીરીના ચુકવણા અંગે દરખાસ્ત સ્થાયીમાં રજૂ કરાઈ હતી.

# ચાંપતી નજર રખાશે:શસ્ત્ર પ્રોજેક્ટની ટીમને ફ્લેગ ઓફ કરાયું, 7 પોલીસ સ્ટેશન વિસ્તારમાં સાંજના 6થી 12 સુધી પેટ્રોલિંગ

**પોલીસ કમિશનર સહિત ઉચ્ચ અધિકારી ઉપસ્થિત રહ્યા**



પાણીગેટ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી શનિવારે પોલીસ કમિશનરે SHASTRA (શરીર સંબંધી ત્રાસ રોકવા અભિયાન) પ્રોજેક્ટ અમલમાં મૂક્યો હતો. ઉચ્ચ અધિકારીઓએ પેટ્રોલિંગ, નાકાબંધી સહિત વિશેષ તપાસ કરનાર ટીમને ફ્લેગ ઓફ કરી પ્રોજેક્ટની શરૂઆત કરાઈ હતી.

પોલીસ કમિશનર નરસિમ્હા કોમારે કહ્યું કે, શસ્ત્ર પ્રોજેક્ટ હેઠળ શહેરનાં તમામ પોલીસ સ્ટેશન સહિત એનાલિસીસમાં સામે આવેલાં માંજલપુર, ગોરવા, ફતેગંજ, મકરપુરા, પાણીગેટ, કપુરાઈ અને હરણી સહિત 7 પોલીસ મથક વિસ્તારમાં સાંજે 6થી રાત્રે 12 સુધી પેટ્રોલિંગ કરાશે. પેટ્રોલિંગમાં એડિ. સીપી, ડીસીપી, એસીપી ઉપરાંત પીઆઈ, પીએસઆઈ, શી-ટીમ સહિતનો સ્ટાફ ભાગ લેશે. પેટ્રોલિંગમાં સંવેદનશીલ વિસ્તાર, જાણીતા ગુનેગાર, ટપોરી જેવા લોકો પર ખાસ નજર રાખવી અને જરૂર પડે તો ગેરકાયદે પ્રવૃત્તિ પર દરોડો પડાશે. સાથે મોટી ઘટના બને ત્યારે પોલીસ તાત્કાલિક પ્રતિસાદ આપી શકે અને મોટા બનાવ અટકાવી શકે છે.

# વડોદરાથી એકતાનગર હાઇ સ્પીડ કોરિડોર રતનપુર સુધી સિક્સ લેન રોડ અને ચાર સ્થળે ઓવરબ્રિજ બનાવાશે

વડોદરાથી સ્ટેચ્યૂ ઓફ યૂનિટિ ખાતે એકતાનગરને જોડતા માર્ગને હાઈ સ્પીડ કોરિડોર તરીકે ડેવલોપ કરવાનું નક્કી કર્યા બાદ પ્રથમ ફેઝનું કામ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. આ માટે આજે વિધાનસભામાં બજેટ દરમિયાન પણ જાહેરાત કરાઈ છે.

ઉલ્લેખનીય છે કે સ્ટેટ હાઈવે પર ભારે ટ્રાફિક ધરાવતા રાજ્યના કેટલાંક માર્ગોને હાઈસ્પીડ કોરિડોર તરીકે ડેવલોપ કરવાનું નક્કી કરાયું છે. મધ્ય ગુજરાતમાં વડોદરાથી એકતાનગર અને અંકલેશ્વરથી રાજપીપળા સુધીના રોડને હાઈસ્પીડ કોરિડોર તરીકે પસંદ કરવામાં આવ્યા છે. આ અંગે આજે વિધાનસભામાં રજૂ કરાયેલા બજેટમાં જાહેરાત પણ કરાઈ છે. સૂત્રોએ જણાવ્યું હતું કે કપુરાઈ ચોકડી બાદ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની હદ બાદ રતનપુર સુધી હાલ ફોર લેન રોડને સિક્સ લેન સર્વિસ રોડ સાથે કરાશે. આ ઉપરાંત મુખ્ય જંક્શનો જેમ કે રતનપુર ચોકડી, કેલનપુર ગામ, થુવાવી ચોકડી, શિનોર ચોકડી પર ઓવરબ્રિજ બનાવવામાં આવશે. હાઈ સ્પીડના પ્રથમ ફેઝ માટેના આ કામ દરમિયાન ડભોઈથી દેવલીયા ચોકડી સુધી રિસર્ફેસિંગનું કામ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે આ કામ માટે રૂા.૩૧૨ કરોડનો અંદાજ તૈયાર કરવામાં આવ્યો હતો અને રૂા.૨૮૭.૫૧ કરોડનું કામ મંજૂર કરાયું છે. માર્ચ માસમાં જ ફેઝ-૧નું કામ શરૂ કરી દેવામાં આવશે અને ૩૦ માસમાં પૂર્ણ કરી દેવાશે. વડોદરાથી એકતાનગર સુધી હાઈ સ્પીડ કોરિડોરના કામના કારણે વાહન વ્યવહાર આ સ્ટેટ હાઈવે પર સુગમ થઈ જશે.

# શિક્ષણ સમિતિની જ શાળાના ૧૫૧ વિદ્યાર્થી ધો.૧૦ની પરીક્ષા આપશે

**ચાલુ વર્ષે ૬ બીજી શાળા ખોલી, જેના ૨૬૦ વિદ્યાર્થી આવતા વર્ષે ધો.૧૦ની પરીક્ષા આપશે**



વડોદરા, વડોદરા મ્યુનિ. કોર્પોરેશન હસ્તકની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪માં ૩ માધ્યમિક શાળાઓ ચાલુ કરવામાં આવી હતી. આ માધ્યમિક શાળાના ૧૫૧ વિદ્યાર્થીઓ ચાલુ વર્ષે ધોરણ-૧૦ની પરીક્ષા આપવા જઈ રહ્યા છે, આ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા અને પરીક્ષા માર્ગદર્શન આપવા સેમિનારનું આયોજન સમિતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

શિક્ષણ સમિતિમાં પ્રાથમિક શિક્ષણ જ પાય છે અને ધો.૮ સુધીની શાળા છે, પણ ધોરણ ૮ પાસ કર્યા બાદ વિદ્યાર્થીઓમાં ડ્રોપ આઉટ ન થાય અને સમિતિની શાળામાંજ ભણી શકે તે હેતુથી વર્ષ માધ્યમિક શાળાઓ ચાલુ કરવામાં આવી હતી.

શિક્ષણ સમિતિની હાલ ૧૦ માધ્યમિક શાળા છે. ગયા વર્ષે ચાર અને બીજી ૬ શાળા આ વર્ષો ખોલવામાં આવી છે, તેના વિદ્યાર્થીઓ ધોરણ ૯માં હાલ ભણી રહ્યા છે, જેઓ આવતા વર્ષે ધોરણ ૧૦ની પરીક્ષા આપશે, આ વિદ્યાર્થીઓની પરીક્ષા માટે ૩ મહિના અગાઉથી વિશેષ વર્ગ ચાલુ કરાયા હતા. શિક્ષણ સમિતિની ૧૧૯ પ્રાથમિક શાળા છે, જેમાં આશરે ૪૦ હજાર બાળકો ભણે છે.

# વડોદરા કોર્પોરેશનની નવી આર્ટ ગેલેરી અને નવા અતિથિગૃહનું બુકિંગ શરૂ કરાયું

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બદામડી બાગ ખાતે નવી આર્ટ ગેલેરી અને બકરાવાડી વિસ્તારમાં દીપક ઓપન એર થિયેટર ખાતે નવું અતિથિગૃહ બનાવ્યું છે. આ બંને હવે લોકોના ઉપયોગ માટે ખુલ્લુ મુકવામાં આવ્યું છે. આર્ટ ગેલેરીનું કોર્પોરેશનની વેબસાઈટ પર ઓનલાઈન બુકિંગ તેમજ સયાજીરાવ નગર ગૃહની ઓફિસે ઓફલાઈન બુકિંગ ચાલુ કરાયું છે. દીપક ઓપન થિયેટરનું પણ કોર્પોરેશનની વેબસાઈટ પર ઓનલાઈન બુકિંગ ચાલુ કરવામાં આવ્યું છે. આર્ટ ગેલેરીના ધંધાકીય અને બિન ધંધાકીય ઉપયોગ માટે ભાડું અને લાગત પણ નક્કી કરવામાં આવી છે.

તાજેતરમાં સ્ટેન્ડિંગ સમિતિએ તેને મંજૂરી આપી હતી. બદામડીબાગ ખાતેની વર્ષો અગાઉ બનેલી સ્વામી વિવેકાનંદ આર્ટ ગેલેરી વર્ષ 2018 માં તોડી પાડીને નવી બનાવવામાં આવી છે.આ આર્ટ ગેલેરીની સાથે સાથે નીચે ફાયર બ્રિગેડ સ્ટેશન પણ બનાવાયું છે. જેનું તાજેતરમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કોર્પોરેશન દ્વારા શહેરના મદનઝાપા રોડ, બકરાવાડી વિસ્તારમાં દિપક એર થિયેટરની જગ્યાએ અતિથિ ગૃહ બનાવવામાં આવ્યું છે. જેનું પણ તાજેતરમાં લોકાર્પણ કરાયું હતું. લોકો હવે અહીં પોતાના શુભ અને સામાજિક પ્રસંગો ઉજવી શકશે. કોર્પોરેશન દ્વારા અગાઉ અહીં દીપક ઓપન થિયેટર આશરે સાડા પાંચ કરોડના ખર્ચે બનાવ્યા બાદ પડ્યું રહેતા અને તેનો કોઈ ઉપયોગ નહીં થતાં છેવટે અહીં અતિથિ ગૃહ બનાવાયું છે. આ વિસ્તારમાં અહીં બીજું કોઈ અતિથિ ગૃહ નહીં હોવાથી લોકો માંગ કરી રહ્યા હતા. લોકોને પોતાના માંગલિક પ્રસંગો ઉજવવા માટે બીજા વિસ્તારમાં દોડવું પડતું હતું.

# સરકાર કોર્પોરેશનને ઓક્ટ્રોઈના ૧૮ વર્ષના ૨૦ હજાર કરોડ આપે

**કોંગ્રેસના મહાસચિવ કહે છે, વિશ્વામિત્રી ખુલ્લી કરી શહેરને પૂર આપદામાંથી બચાવી શકાય**

વડોદરા,ગુજરાતમાં ૨૦૦૭થી ઓક્ટ્રોઈ નાબૂદ કરાઈ છે. ઓક્ટ્રોઈ બંધ થતા વડોદરા કોર્પોરેશનની આવકને મોટો ફટકો પડયો છે. સરકારે ઓક્ટ્રોઈ આવકના ૧૮ ટકા ગ્રોથરેટ મુજબ ૧૮ થી ૨૦ હજાર કરોડ વડોદરા કોર્પોરેશનને ચૂકવી દેવા જોઈએ તેવી માગ કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ અને મધ્ય ગુજરાતના પ્રભારી રામકિશન ઓઝાએ કરી છે.

અત્રે પત્રકાર પરિષદમાં તેમણે કહ્યું હતું કે વિશ્વામિત્રી કાંઠે થયેલા દબાણો હટાવી નદી ખુલ્લી કરીને શહેરને પૂરની આપદામાંથી બચાવી શકાય તેમ છે. ૧૦૦ દિવસમાં વિશ્વામિત્રી પ્રોજેકટ પૂરો કરવાની વાતો કરે છે, પણ હજી કશી નક્કર કામગીરી શરૂ થઈ નથી. હરણી બોટ કાંડમાં મૃતકના પરિવારોને ૨૫ લાખ વળતર આપવા કોંગ્રેસની દરખાસ્તને બહુમતીના જોરે ફગાવી દઈ પીડિતો સાથે અન્યાય કર્યો છે, તેમ કહી વિપક્ષના નેતા ચંદ્રકાન્ત ભથ્થુએ કહ્યું હતું કે કોર્પોરેશનમાં ૩૦ વર્ષના શાસનમાં ભાજપે કદી પ્રજાલક્ષી બજેટ આપ્યું નથી. આવાસ યોજનાના નામે લોકોના ઘર તોડી ભાડું નહીં આપી લોકોને બેઘર કર્યા છે. હાઉસ ટેક્સ અને વોટર ચાર્જ વધાર્યા છે, ટેક્સ ભર્યા પછી પણ કોર્પોરેશન વ્યાજે રૂપિયા લઈ વિકાસની વાતો કરે છે.

# વડોદરામાં પાર્કિંગના પ્રશ્નો વધતા કોર્પોરેશન ટીપીના 19 પ્લોટમાં પે એન્ડ પાર્ક સુવિધા ઉભી કરશે

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં જ્યાં ટ્રાફિક વધુ રહે છે તેવા વિસ્તારોમાં ટીપી સ્કીમના 19 પ્લોટમાં પે એન્ડ પાર્ક સુવિધા ઉભી કરવામાં આવનાર છે. કોર્પોરેશનના વર્ષ 2025-26 ના મંજુર થયેલા બજેટમાં આ માટે આયોજન મૂકવામાં આવ્યું છે. વડોદરા કોર્પોરેશનના હદ વિસ્તારમાં વધેલા વાહન વ્યવહારથી ટ્રાફીકની સમસ્યાની સાથે સાથે પાર્કીંગના પ્રશ્નો માથાના દુખાવા સમાન બન્યા છે. કોર્પોરેશન દ્વારા જી.પી. એમ.સી.એકટની જોગવાઈઓ હેઠળ પાર્કીંગ પોલીસી ડ્રાફટ કરવામાં આવેલ હતી, જેને સ્થાયી સમિતિ બાદ સમગ્ર સભાએ મંજુરી આપી છે. મંજુર પાર્કીંગ પોલીસી મુજબ કોર્પોરેશનમાં વી.એમ.સી. ટ્રાફીક સેલની રચના કરી પાર્કીંગ બાયલોઝ ડ્રાફટ કરાયા હતા, જેને પણ સમગ્ર સભાની મંજુરી મળી ગઈ છે. મંજુર પાર્કીંગ પોલીસી તથા બાયલોઝ સરકારની મંજુરી અર્થે મોકલવામાં આવ્યા છે. જેની મંજુરી મળ્યા બાદ અમલવારી કરવામાં આવશે. કોર્પોરેશન દ્વારા જે 19 પ્લોટ શોધી કાઢવામાં આવ્યા છે, તે શહેરના મહેસાણા નગર, સમા તળાવ પાસે, હરણી સમારોડ, સયાજીપુરા પાણી ટાંકી પાસે, સુભાનપુરા, નટુભાઈ સર્કલ, અટલાદરા, ગોત્રી, મકરપુરા જીઆઈડીસી, તાંદળજા, વાસણા, દંતેશ્વર અને તરસાલી વગેરે વિસ્તારમાં છે.




## વોઈસ ઓફ વડોદરા રિપોર્ટરો જોગ

**જાહેર નોટિસ**

આ વર્ષ પુરુ થતાં અને અંક પછી વોઈસ ઓફ વડોદરા ન્યુઝના તમામ રિપોર્ટરો, ફોટોગ્રાફરો અને બ્યુરોચીફના આઈ કાર્ડ ની અવધિ પુરી થતાં તમામ આઈ કાર્ડ રદ કરવામાં આવ્યા છે તો તમામ રિપોર્ટર હોદ્દેદારો પોતાના પાછલા વર્ષ ના આઈ કાર્ડ ઓફિસે જમા કરાવી જવા જે વ્યક્તિ જુના આઈ કાર્ડ ને લઈને ફરશે કે પકડાશે તેનીપર કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

તંત્રીશ્રી

EDITOR- PRINTER-PUBLISHER & OWNER BY : GHADHIYALI MUMTAZ NISARMAHENDI PRINTED BY : HIMALI GRAPHICES & PRINTING PRESS MANOHAR CHOWK,VACCHEVAD NADIAD 387001. GUJARAT, INDIA. PUBLICATION BY : A-15, RAJIV AAVASH, NEAR J.P. POLICE STATION, TANDALJA, VADODARA-390012 , DIST, GUJARAT,
*RESPONSIBLE FOR SELECTION OF NEWS UNDER PRB .ACT N EDITOR : GHADIYALI MUMTAZ NISARMAHENDI.